જેના મનમાં શંકા રાંશય છે.
તેને આ વિશ્વમાં તો આનંદ
નહીં મળે પણ અન્ય કોઇ
વિશ્વની કલ્પના હોય તો
પણ એને આનંદ નહીં મળે
- ભગવદ્ ગીતા

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૧૩૭ | ૨૭ જુલાઇ, ૨૦૧૪, રવિવાર, શ્રાવણ સુદ - ૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦



# બી.પી. કોલેજમાં સેમેસ્ટર-૧ના વિદ્યાર્થીઓને આવકારવામાં આવ્યા

ગાંધીનગર, તા.૨૬

સેકટર-૨૩ સ્થિત બી.પી. કોલેજ ઓફ બિઝનેસ એડમિનીસ્ટ્રેશન દ્વારા સમેસ્ટર-૧ના વિદ્યાર્થીઓનો સ્વાગત સમારોહ યોજવામાં આવ્યો હતો.

કડી વિશ્વ વિદ્યાલય સંચાલિત વી.પી. કોલેજ ઓફ બિઝનેશ એડમિનીસ્ટ્રેશના દ્વારા નાથીબા ઓડિટોરીયમ હોલમાં પ્રથમ વર્ષમાં પ્રવેશ કરતા સેમેસ્ટર-૧ના વિદ્યાર્થીઓનો સ્વાગત સમારોહ યોજવામાં આવ્યો હતો. નવા વર્ષના વિદ્યાર્થીઓને સેમેસ્ટર-૩ અને ૫ના વિદ્યાર્થીઓએ સ્વાગત કર્યું હતું.

સ્વાગત સમારોહમાં વિદ્યાર્થીઓને ટાઈમ મેનેજમેન્ટ, ઈવેન્ટ મેનેજમેન્ટ, હોસ્પિટલાદી મેનેજમેન્ટ, સોફટ સ્કીલ ડેવલપમેન્ટ અને લાઈવ પ્રોજેકશન જેવા વિષયો પર માહિતી આપવામાં આવી હતી. ત્યાર બાદ વિદ્યાર્થીઓ દ્વારા સિંગીગ, ડાન્સીંગ, એકટીંગ અને એન્કરીંગ કરવામાં આવ્યું હતું. અલગ અલગ કૃતિ રજૂ કરેલ પ્રથમ ત્રણ વિદ્યાર્થીઓને ઈનામથી નવાજવામાં આવ્યા હતા. કાર્યક્રમનું સંચાલન, પ્રો. નીરવ જોષીએ કર્યું હતું. વિદ્યાર્થીઓ, વાલીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં.